# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-03-2025** **Day : Tuesday** **Morning : 6.50 to 6.55 AM**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## ભારત અને ન્યુઝીલેન્ડ કરાર પર હસ્તાક્ષર

ભારત અને ન્યુઝીલેન્ડે સંરક્ષણ, શિક્ષણ, રમતગમત, બાગાયત અને વનીકરણ ક્ષેત્રે પાંચ કરારો પર હસ્તાક્ષર કર્યા છે. બંને પક્ષોએ અધિકૃત આર્થિક પરસ્પર માન્યતા કરારનું પણ આદાનપ્રદાન કર્યું. ગઈકાલે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને તેમના ન્યુઝીલેન્ડ સમકક્ષ ક્રિસ્ટોફર લક્સન વચ્ચે દ્વિપક્ષીય વાટાઘાટો બાદ આ કરારોનું આદાન-પ્રદાન કરવામાં આવ્યું હતું.

બેઠક બાદ સંયુક્ત પ્રેસ નિવેદનમાં, પ્રધાનમંત્રી મોદીએ જણાવ્યું હતું કે, તેમણે દ્વિપક્ષીય સંબંધોના વિવિધ પાસાઓ પર વિગતવાર ચર્ચા કરી હતી અને સંરક્ષણ અને સુરક્ષા ભાગીદારીને મજબૂત અને સંસ્થાકીય બનાવવાનો નિર્ણય લીધો હતો.

------------------------------------------------------------------------------------

## રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ

રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે સરકારે રેલ માળખાને સુધારવા અને મુસાફરોને આરામદાયક અને સસ્તી મુસાફરી પૂરી પાડવા માટે અનેક પગલાં લીધાં છે. તેમણે કહ્યું કે રેલવેએ છેલ્લા 10 વર્ષમાં 5 લાખ નોકરીઓનું સર્જન કર્યું છે, અને દેશમાં રેલવે અકસ્માતો ઘટાડવા પર સતત ધ્યાન કેન્દ્રિત કર્યું છે. શ્રી. વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે 2020 થી મુસાફરોના ભાડામાં વધારો કરવામાં આવ્યો નથી, અને તે પડોશી દેશોની તુલનામાં ખૂબ જ ખર્ચ-અસરકારક છે.

------------------------------------------------------------------------------------

## આદિજાતિ વિકાસમંત્રી

વિધાનસભા ગૃહમાં ગઈકાલે આદિજાતિ વિભાગની 5 હજાર 120 કરોડ રૂપિયાની અંદાજપત્રીય માંગણીઓ પસાર થઈ હતી. આદિજાતિ વિકાસ મંત્રી ડૉ. કુબેર ડિંડોરે આદિજાતિ વિભાગની માંગણીઓ રજૂ કરતા જણાવ્યું કે ગયા વર્ષના 4 હજાર 374 કરોડ રૂપિયાની સામે આગામી વર્ષમાં 746 કરોડ રૂપિયાનો વધારો મંજૂર કરાયો છે. જે વર્તમાન સરકારની આદિવાસી બંધુઓના વિકાસની ઈચ્છાશક્તિ દર્શાવે છે. આ બજેટ આદિજાતિ વિભાગના ઇતિહાસનું આજદિન સુધીનું સૌથી વધુ રકમનું બજેટ છે. તેમણે જણાવ્યું કે વનબંધુ કલ્યાણ યોજનામાં એક લાખ કરોડ રૂપિયાની રકમ ફાળવવાનો લક્ષ્યાંક હાંસલ થયો છે.

---

## પાકિસ્તાની જેલમાં કેદ માછીમારો

રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીના પ્રશ્નના જવાબમાં વિદેશ રાજ્યમંત્રી કિર્તીવર્ધનસિંહે જણાવ્યું કે આજ સુધી 194 ભારતીય માછીમારો પાકિસ્તાનની જેલમાં કેદ છે, જેમાંના 123 ગુજરાતના છે. આ 123 માછીમારોમાંથી 33 માછીમાર વર્ષ 2021થી, 68 માછીમારો 2022થી પાકિસ્તાની જેલમાં કેદ છે. જ્યારે ગુજરાતના નવ માછીમારોને વર્ષ 2023માં અને 13ને વર્ષ 2024માં પાકિસ્તાની સત્તાવાળાઓએ કેદ કર્યા હતા.

---

## 31મી માર્ચના બેંક ચાલુ

કરદાતાઓને સુવિધા આપવા માટે, 31 માર્ચ 2025 ના રોજ જાહેર રજા હોવા છતાં, બધી બેંકો ખુલ્લી રહેશે. જારી કરાયેલા એક જાહેરનામામાં, રિઝર્વ બેંકે કહ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષમાં જ સરકારી રસીદો અને ચૂકવણીના હિસાબને સરળ બનાવવા માટે દેશભરમાં ખાસ ક્લિયરિંગ કામગીરી હાથ ધરવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. બેંકોને અલગ સૂચનાઓ જારી કરીને, RBI એ બેંકોને 31 માર્ચના રોજ સામાન્ય કામકાજના કલાકો સુધી ઓવર-ધ-કાઉન્ટર વ્યવહારો માટે શાખાઓ ખુલ્લી રાખવા જણાવ્યું છે.

---

## ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના

ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજનાના બજેટમાં 3 હજાર 15 કરોડ રૂપિયાની જોગવાઈ કરાઇ છે. જે ગયા વર્ષની સરખામણીએ 700 કરોડ રૂપિયા વધુ છે. આ યોજના હેઠળ વર્ષ 2024-25માં 16 લાખથી વધુ મહિલાઓને 2 હજાર 100 કરોડ રૂપિયાથી વધુની આર્થિક સહાય ચૂકવાઈ છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2019માં આ યોજના હેઠળ વિધવા મહિલાઓને આપવામાં આવતી માસિક આર્થિક સહાય વધારીને 1 હજાર 250 રૂપિયા કરવામાં આવી હતી, તેમજ આ રકમ લાભાર્થી મહિલાઓને ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

---

## હવામાન

કચ્છમાં ગગડેલાં મહત્તમ તાપમાન વચ્ચે સવારે ઠંડી અને બપોરે ગરમીની અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગ દ્વારા તાપમાનમાં મોટા ફેરફારની શક્યતા નકારાઈ છે. ત્યારે ગઈકાલે નલિયામાં દિવસનું તાપમાન 37.2 ડિગ્રીએ પહોંચ્યું તો રાત્રિનું તાપમાન 15.6 ડિગ્રી નોંધાતાં કચ્છમાં સૌથી વધુ ઠંડું અને ગરમ મથક નલિયા બન્યું હતું. ભુજમાં 36.2, કંડલા પોર્ટમાં 36.8 અને કંડલા (એ.)માં 35.5 ડિગ્રી મહત્તમ સામે લઘુતમ પારો 20થી 22 ડિગ્રી વચ્ચે નોંધાયો હતો.

---

## કચ્છ યુનિવર્સિટી - અભિવાદન

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટીના કેરિયર કાઉન્સાલિંગ એન્ડ ડેવલપમેન્ટ સેલ તથા આઈક્યુએસી દ્વારા આસિસ્ટન્ટ પ્રોફેસરની લાયકાત મેળવવા માટેની મહત્ત્વની રાષ્ટ્રીય સ્તરની નેટ-જેઆરએફ અને રાજ્યકક્ષાની જીસેટ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓના અભિવાદન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જુદા-જુદા વિષયના 88 જેટલા વિદ્યાર્થીઓનું અભિવાદન કરવામાં આવ્યું હતું.

---